©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] FRIDAY, 12th SEPTEMBER, 2025/BHADRA 21, 1947 [No. 6017

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસુચના

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯

નિયમ-૨૬ (૧), ૨૬(૩)

મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૪૧ (પેથાપુર)

નં. નરયો/નં. ૪૧ (પેથાપુર)/અધિસુચના/૧૪૭૦/૨૦૨૫.-હું, નીચે સહી કરનાર, પ્રવર નગર નિયોજક (ચાર્જ) અને નગર રચના અધિકારી, ગાંધીનગર નગર રચના યોજના એકમ, નગર રચના યોજના નં. ૪૧ (પેથાપુર) વિસ્તારના તમામ જમીન માલિકો અને હિતસંબંધ ધરાવતી વ્યકિતઓને આથી જણાવું છું કે, ગુજરાત સરકારશ્રી ધ્વારા તા. ૦૪-૦૮-૨૦૨૫ ના જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૨૮૫ ઓફ ૨૦૨૫/ યુડીયુએચડી/ટીપીએસ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૮૩૦૧/એલ થી મંજુર કરેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૪૧ (પેથાપુર) ને આખરી કરવા પ્રવર નગર નિયોજક, ગાંધીનગર નગર રચના યોજના એકમ, ગાંધીનગરની હોદ્દાની રૂએ નગર રચના અધિકારી તરીકેની નિમણુંક શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરની તા. ૦૪-૦૮-૨૦૨૫ ની અધિસુચના ક્રમાંક : જીએચ/વી/૨૦૨૫ નો ૨૮૬/યુડીયુએચડી/ ટીપીએસ/ઈ-ફાઈલ/ ૧૮/૨૦૨૪/૮૩૦૧/એલ થી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૦ (૧) હેઠળ કરી છે. જેની પ્રસિધ્ધિ ગુજરાત સરકારશ્રીના તા. ૦૬-૦૮-૨૦૨૫ ના અસાધારણ રાજયપત્ર ''ભાગ-IV-B'' માં પાનાં નં. ૪૦૭-૧ ઉપર થયેલ છે. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ-(૧) ની જોગવાઈ મુજબ જરૂરી છે એ પ્રમાણે હું, આથી નોટિસ આપું છું કે, મેં તા. ૦૯-૦૯-૨૦૨૫ ને મંગળવારના રોજ નગર રચના અધિકારી તરીકે મારી ફરજો સંભાળી લીધેલ છે.

મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૪૧ (પેથાપુર) વિસ્તારની ચતુઃસીમા નીચે મુજબ છે.

ઉત્તર : મોજે. પેથાપુરનો એગ્રીકલ્ચરલ ઝોન-૧ (એ.જી-૧)

દક્ષિણ : નગર રચના યોજના નં. ૧૬ (પેથાપુર)

પૂર્વ : મોજે. પેથાપુરનો એગ્રીકલ્ચર ઝોન-૧ (એ.જી-૧)

પશ્ચિમ : મોજે. પેથાપુરનો એગ્રીકલ્ચર ઝોન-૧ (એ.જી-૧)

મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૪૧ (પેથાપુર)માં આવરી લેવાયેલ રેવન્યુ સર્વે/બ્લોક નંબરો નીચે મુજબ છે.

પેથાપુર : ૬ પૈકી, ૬ પૈકી ૧, ૬ પૈકી ૨, ૭/૧, ૭/૨ પૈકી, ૮/પૈકી, ૯/પૈકી, ૧૩/૧ પૈકી, ૧૩/૨ પૈકી, ૧૩/૩ પૈકી, ૧૮૮૨/પૈકી, ૧૮૮૩/પૈકી, ૧૮૮૪/પૈકી, ૧૮૮૯/પૈકી, ૧૮૯૦/પૈકી, ૧૮૯૧/પૈકી, ૧૯૦૨/પૈકી, ૧૯૦૩/પૈકી, ૧૯૦૪/પૈકી, ૧૯૦૫/પૈકી, ૧૯૦૬, ૧૯૦૭, ૧૯૦૮, ૧૯૦૯, ૧૯૧૦/પૈકી, ૧૯૧૧/પૈકી, ૧૯૧૨/પૈકી, ૧૯૧૩, ૧૯૧૪, ૧૯૧૫, ૧૯૧૬/૧, ૧૯૧૬/૨, ૧૯૧૭, ૧૯૧૮/૧, ૧૯૧૮/૨, ૧૯૧૯/૧, ૧૯૧૯/૨, ૧૯૧૯/૩, ૧૯૧૯/૪, ૧૯૨૦/અ, ૧૯૨૦/બ, ૧૯૨૧, ૧૯૨૨, ૧૯૨૩, ૧૯૨૪, ૧૯૨૫/૧, ૧૯૨૫/૨, ૧૯૨૬, ૧૯૨૭, ૧૯૨૮, ૧૯૨૯, ૧૯૩૦, ૧૯૩૧, ૧૯૩૨, ૧૯૩૩, ૧૯૩૪, ૧૯૩૫/૧, ૧૯૩૫/૨, ૧૯૩૬, ૧૯૩૭/પૈકી, ૧૯૩૮/પૈ, ૧૯૩૯/૧, ૧૯૩૯/૨, ૧૯૩૯/૩, ૧૯૪૦/પૈકી, ૧૯૪૧, ૧૯૪૨, ૧૯૪૩, ૧૯૪૪, ૧૯૪૫, ૧૯૪૬, ૧૯૪૭, ૧૯૪૮, ૧૯૪૯, ૧૯૫૦, ૧૯૫૧, ૧૯૫૨, ૧૯૫૩, ૧૯૫૪/પૈકી, ૧૯૫૫/પૈકી, ૧૯૫૬/પૈકી, ૧૯૫૮/૨/પૈકી, ૧૯૫૯/પૈકી, ૧૯૬૦/પૈકી, ૧૯૬૧, ૧૯૬૨, ૧૯૬૩/પૈકી, ૧૯૬૫/પૈકી/૧, ૧૯૬૫/પૈકી/૨, ૧૯૬૬, ૧૯૬૭, ૧૯૬૮, ૧૯૬૯, ૧૯૭૦/૧, ૧૯૭૦/૨, ૧૯૭૧/૧, ૧૯૭૧/૨, ૧૯૭૧/૩, ૧૯૭૧/૫, ૧૯૭૧/૪, ૧૯૭૨/પૈકી, ૧૯૭૩, ૧૯૭૪, ૧૯૭૫, ૧૯૭૬, ૧૯૭૭/૧/પૈકી, ૧૯૭૭/૨/પૈકી, ૧૯૭૭/૩/પૈકી, ૧૯૯૯/પૈકી, ૨૦૦૦/પૈકી, ૨૦૦૧, ૨૦૦૨, ૨૦૦૩/૧, ૨૦૦૩/૨, ૨૦૦૪/પૈકી, ૨૦૦૫/પૈકી, ૨૦૦૬/પૈકી, ૨૦૦૭/પૈકી, ૨૦૦૮, ૨૦૦૯, ૨૦૧૦, ૨૦૧૧, ૨૦૧૨, ૨૦૧૩, ૨૦૧૪, ૨૦૧૫, ૨૦૧૬, ૨૦૧૭, ૨૦૧૮, ૨૦૧૯, ૨૦૨૦/પૈકી, ૨૦૨૧/બ/પૈકી, ૨૦૨૧/પૈકી, ૨૦૫૩/૧+૨/પૈકી/૧/પૈકી, ૨૦૫૩/૧+૨/પૈકી/૨/પૈકી, ૨૦૫૪/પૈકી, ૨૦૭૪/પૈકી, ૨૦૭૫/પૈકી, ૨૦૭૬/પૈકી, ૨૦૭૭/પૈકી, ૨૦૭૮, ૨૦૭૯, ૨૦૮૦/૧, ૨૦૮૦/૨, ૨૦૮૧, ૨૦૮૨, ૨૦૮૩, ૨૦૮૪, ૨૦૮૫, ૨૦૮૬, ૨૦૮૭, ૨૦૮૮, ૨૦૮૯, ૨૦૯૦, ૨૦૯૧/૧, ૨૦૯૧/૨, ૨૦૯૨, ૨૦૯૩/૧/પૈકી, ૨૦૯૩/૨, ૨૦૯૩/૩, ૨૦૯૩/૪, ૨૦૯૪/પૈકી, ૨૦૯૫/૧, ૨૦૯૫/૨, ૨૦૯૬/૧, ૨૦૯૬/૨, ૨૦૯૭, ૨૦૯૮, ૨૦૯૯, ૨૧૦૦/૧, ૨૧૦૦/૨, ૨૧૦૧/પૈકી/૧, ૨૧૦૧/પૈકી/૨, ૨૧૦૨, ૨૧૦૩/પૈકી, ૨૧૦૪, ૨૧૦૫/૧+૨/પૈકી/૧, ૨૧૦૫/૧+૨/પૈકી/૨, ૨૧૦૬/પૈકી, ૨૧૦૭/૧+૨/પૈકી/૧, ૨૧૦૭/૧+૨/પૈકી/૨, ૨૧૧૧/પૈકી, ૨૧૧૨/પૈકી, ૩૦૫૩/પૈકી વિગેરે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ-(૩) ની જોગવાઈ મુજબ જરૂરી છે, એ પ્રમાણે સદરહુ નગર રચના યોજના નં. ૪૧(પેથાપુર)માં સમાવિષ્ટ બાબતો પૈકી કોઈપણ બાબતમાં હિત ધરાવતી અથવા એનાથી અસર પામેલી તમામ વ્યકિતઓને આથી જણાવું છું કે, તેમણે સદરહું અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૨ માં જણાવેલ બાબતોના સંદર્ભમાં રાજયપત્રમાં આ અધિસુચના પ્રસિધ્ધ થયા તારીખથી ૨૦ (વીસ) દિવસની અંદર લેખિત વાંધા અને રજુઆતો, જરૂરી અધિકૃત માલિકીના આધાર પુરાવા અને દસ્તાવેજો સહિત મારી સમક્ષ રજુ કરવા, તેમજ ઉકત મુસદ્દારૂપ નગર રચના યોજનાને કારણે કોઈ વ્યકિતને નુકશાનકારક અસર પહોંચી હોય તો તે સદરહું અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૮૨ અનુસાર નુકશાનીનો દાવો કરવાને હકકદાર છે અને આવી વ્યકિતઓ આ અધિસુચના પ્રસિધ્ધ થયાની તારીખથી ૩ (ત્રણ) મહિનાની અંદર તેમના હકક દાવા જરૂરી દસ્તાવેજો, જરૂરી પ્રમાણિત પુરાવા સહિત મારી સમક્ષ લેખિતમાં રજુ કરવા.

સરકારશ્રી ધ્વારા મંજુર કરાયેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૪૧ (પેથાપુર) ની નકલ જરૂરી તમામ દસ્તાવેજો, પત્રકો, નકશા, ફોર્મ સહિત જાહેર રજા સિવાયના તમામ દિવસોએ કચેરી સમય દરમ્યાન નગર રચના અધિકારીની નીચે સરનામે આવેલ કચેરીમાં ખુલ્લી રાખવામાં આવેલ છે અને આ જમીનોમાં હિત ધરાવતી તથા નગર રચના યોજનાની દરખાસ્તોથી અસર પામનાર પ્રત્યેક વ્યકિતને આ યોજનાનું નિરીક્ષણ કરવાની વિનંતી કરવામાં આવે છે. કચેરીમાં યોજનાની દરખાસ્તની સમજુતી આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

તારીખ : ૦૯-૦૯-૨૦૨૫
સ્થળ : ગાંધીનગર.

કચેરીનું સરનામું :
પ્રવર નગર નિયોજકશ્રી અને
નગર રચના અધિકારીની કચેરી,
ગાંધીનગર નગર રચના યોજના એકમ,
બહુમાળી ભવન, બી-બ્લોક,
ત્રીજો માળ, સેકટર-૧૧,
ગાંધીનગર-૩૮૨૦૧૧.

જે. એન. આચાર્ય
પ્રવર નગર નિયોજક (ચાર્જ)
અને નગર રચના અધિકારી
ગાંધીનગર નગર રચના યોજના એકમ
ગાંધીનગર

Signature Not Verified
Signed by:SUBIR KUMAR GHOSH
Date: 2025.09.13 14:02:45 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Rajkot